
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




એક વાર વિચાર કરી જોઈએ. અમાસ આવે છે તો હમણાં ચંદ્રયાન મોકલવું કે નહીં...??

# શહેરમાંથી પાંચ લાખમાં ગીરો લીધેલી એસયુવી કોઈ ઉઠાવી ગયું

### એસયુવીની એક ચાવી મુળ માલિક પાસે હતી : ગાડી પર લોન પણ છે : પોલીસે બંન્ને દિશામાં તપાસ શરુ કરી

ગાંધીનગર શહેરમાં કોઈપણની ચીજવસ્તુ ગીરો લેતા પહેલા સો વાર વિચાર કરવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. ઓછી કિંમતમાં વધુ કિંમતની વસ્તુ ગીરો રાખતા નાગરીકો માટે લાલબતી સમાન કિસ્સો સામે આવ્યો છે. શહેરના સેકટર-૨૯ ખાતે રહેતા યુવકે ગાંધીધામના નાગરીક પાસેથી રૂ.૫ લાખમાં એસયુવી કાર ગીરો લીધી હતી. ગીરો રાખેલી કાર બીજા જ દિવસે ગાયબ થઈ ગઈ છે. ગાડી પર લોન પણ છે તેમજ કારના માલિક પાસે બીજી ચાવી છે. જેથી કારની ખરેખર ચોરી થઈ છે કે કોઈ ઉઠાવી ગયું છે તે જાણવા માટે સે-૨૧ પોલીસે યુવકની અરજીના આધારે તપાસ હાથ ધરી છે.

શહેરના સેકટર-૨૯ ખાતે રહેતા વેપારી દર્પણ ધોળકીયાએ ગત તા. ૮ મે ના રોજ ગાંધીધામના આરબ અનવર મમદ પાસેથી માત્ર ચાર માસના વાયદે માત્ર રૂપીયા પાંચ લાખમાં ગાડી ગીરો લીધી હતી.તા. ૯ મે ના રોજ દર્પણ ધોળકીયાનો મિત્ર સોહીલ મનસુરી કાર લઈને સે-૨૯ ખાતે નમાજ પઢવા માટે ગયો હતો. તે નમાજ પઢીને બહાર આવ્યો ત્યારે પાર્ક કરેલી જી.જે.૧૨.ડી.એમ.-૪૨૮૦ નંબરની મહિન્દ્રા એસયુવી-૫૦૦ કાર ગુમ હતી. કાર ગીરો રાખનાર દર્પણ ધોળકીયાએ સે-૨૧ પોલીસ મથકે ફરીયાદ આપતા પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તપાસ શરુ કરી છે. દર્પણ ધોળકીયાની કાર ચોરી થઈ હોવાની કે કાર માલિક આરબ મદદ લઈ ગયો હોવાની શંકા છે. કારણ કે કારની એક ચાવી મુળ માલિક પાસે પણ હતી. તો બીજી તરફ કાર પર લોન પણ ચાલતી હતી. દર્પણ ધોળકીયાને પોતાની સાથે છેંતરપિંડી થઈ હોવાની શંકા છે. સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ કાર સેકટર-૩૦ સર્કલ સુધી ગઈ છે તેમ સીસીટીવી ફુટેજમાં દેખાય છે. પરંતુ આગળ સીસીટીવી ન હોવાથી ગાડી આગળ ક્યાં ગઈ તેની ખબર પડતી નથી.ત્યારે પોલીસ હવે મુળ માલિકની પુછપરછ બાદ વધુ તપાસ હાથ ધરશે.

# રમજાન માસની શરૂઆત સાથે જ ફળોનાં ભાવમાં વધારો ઝીંકાયો

ગાંધીનગર,તા.૧૩

મુસ્લિમ બિરાદરોનાં પવિત્ર રમજાન માસનો પ્રારંભ થતાંની સાથે જ ફ્રૂટમાં ૨૫ ટકા અને ખજૂરનાં ભાવોમાં ૨૦ ટકાનો ભાવ વધારો થઈ જતાં લોકો નારાજ છે. સામાન્ય રીતે ઈફતારી વેળા ખજૂર, તરબૂચ અને ટેટીનો મહત્તમ ઉપયોગ થાય છે. જે ખજૂર રૂ.૨૫૦થી ૩૦૦ રૂ. કિલો વેચાતી હતી, જેનો ભાવ રૂ.૩૫૦થી ૪૦૦ બોલાઈ રહ્યો છે. જયારે દુબઈ અને ઈરાનની ખજૂરનો કિલોનો ભાવ રૂ.૬૦૦થી ૬૫૦ જેટલો છે.



અત્યાર સુધી તરબૂચ ૨૦ રૂપિયે પ્રતિ કિલો વેચાતું તરબૂચ છેલ્લે રૂ ૧૫ રૂપિયે કિલોના ભાવે વેચાણ થતું હતું. હવે રૂ ૨૦થી ૨૫ રૂપિયે અને ટેટી રૂ.૩૦ના બદલે રૂ.૪૦થી ૫૦ના કિલોના ભાવે વેચાતી હતી. કેળાં ૨૦ રૂ.ના ૪ને બદલે ૩૦નાં ૪ નંગ વેચાઈ રહ્યાં છે. સરફજનનો કિલોનો ભાવ રૂ.૨૦૦ના બદલે રૂ.૨૫૦થી ૩૦૦ થઈ જતાં સફરજનની ખરીદી પ્રમાણમાં ઓછી જોવા મળી રહી છે.

ખજૂરના ભાવમાં કિલોએ ૨૫થી ૩૦ રૂપિયાનો વધારો થયો છે. જ્યારે ફ્રૂટના ભાવમાં પણ કિલોએ રૂ.૨૦થી રૂ.૨૫નો‘ વધારો થયો છે.‘ કાલુપુરનાં જલારામ ખજૂર હાઉસના વેપારી મનીષભાઈએ જણાવ્યું‘ કે ઈરાનમાં ખજૂરની અછત હોવાથી ત્યાંની સરકારે ખજૂરની નિકાસ પર પ્રતિબંધ મૂકી દીધો છે અને રમજાન માસમાં ખજૂરની માગ વધુ રહેતી હોવાથી અત્યારે ભાવમાં પ્રતિ કિલોએ ૨૫થી ૩૦ રૂપિયાનો ભાવ વધારો જોવા મળી રહ્યો છે.

# જૂનાગઢમાં પત્રકારો પર પોલીસ દમન મુદ્દે કલેક્ટરને આવેદનપત્ર

રવિવારે જૂનાગઢ ખાતે યોજાયેલ સ્વામિનારાયણ મંદિરની ચૂંટણી દરમ્યાન સાંજના સમયે પોલીસ દ્વારા મિડિયાકર્મીઓ પર કરવામાં આવેલા લાઠીચાર્જથી રાજ્યના સમગ્ર પત્રકાર-મિડીયા આલમમાં રોષની લાગણી ભભૂકી ઉઠી છે. છેલ્લાં કેટલાક સમયથી રાજ્યમાં અનેકવાર આ પ્રકારની પત્રકારો પર પોલીસ દમનની ઘટના સર્જાવા પામી છે. આજે ગાંધીનગરમાં ટીવી મિડિયા કર્મીઓ તથા પત્રકારો દ્વારા કલેક્ટરને મળી આ ઘટના અંગે સખત પગલાં લેવાય અને જવાબદાર પોલીસ અધિકારીઓ તથા પોલીસ કર્મીઓ સામે પગલાં લેવામાં આવે તેવી માંગ સાથે આવેદનપત્ર આપ્યું હતું.



રાજ્યમાં પત્રકાર પર લાઠીચાર્જનો વિડિયો વાઈરલ થતા રાજ્યભરના પત્રકાર આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. લોકશાહીના ચોથાસ્તંભ સમાન મિડિયા કર્મીઓ પર વરસાવાયેલી પોલીસની લાઠીઓના બનાવ સંદર્ભે ગાંધીનગર તથા અમદાવાદના પત્રકારો-મિડિયા કર્મીઓએ આજે ગાંધીનગર કલેક્ટર એસ.કે. લાંગાને આવેદનપત્ર આપ્યું હતું. આ આવેદનપત્રમાં જૂનાગઢની પોલીસ દમન ઘટનામાં જવાબદાર પોલીસ અધિકારીઓ-કર્મીઓને સસ્પેન્ડ કરવાની માંગ કરવામાં આવી છે. બીજી તરફ ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના પ્રમુખ સૂર્યસિંહ ડાભી દ્વારા પણ પત્રકારો પરના હુમલા સરકારના ઈશારાથી કરવામાં આવતા હોવાનો આક્ષેપ કરી સમગ્ર ઘટનાને ગુજરાત માટે કલંકિત ઘટના ગણાવવા સાથે પત્રકારોને સુરક્ષા-સલામતી પુરી પાડવાની માંગ કરવામાં આવી છે.

### એક ઈન્સ્પેક્ટર તથા ત્રણ કોન્સ્ટેબલ સસ્પેન્ડ કરાયાં

જૂનાગઢની પત્રકારો પર પોલીસ દમનની ઘટનાના પગલે રાજ્યભરમાં પ્રેસ-મિડિયા આલમમાં ભભૂકેલા રોષને પગલે છેવટે જવાબદાર પોલીસકર્મીઓ સામે પગલાં લેવાની ફરજ પડી છે. આ ઘટનામાં એક સબ ઈન્સ્પેક્ટર તથા ત્રણ કોન્સ્ટેબલને આજે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

# અમદાવાદની એપલ ચિલ્ડ્રન હોસ્પિટલમાં આગથી અફડાતફડી

### હોસ્પિટલ સંચાલિત કેન્ટીનમાં ગેસનો લીકેજના પરિણામે આગ લાગી : કોઇપણ જાનહાનિ નહી નોંધાતા તંત્રને રાહત

અમદાવાદ,તા. ૧૩

શહેરના પરિમલ ગાર્ડન નજીક આવેલી એપલ મલ્ટી સ્પેશિયાલિટી બાળકોની હોસ્પિટલના ચોથા માળે આજે ભીષણ આગ ફાટી નીકળતાં હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા બાળકો, વાલીઓ સહિત ડોકટર-સ્ટાફ કર્મચારીઓમાં ભારે અફરાતફરી અને નાસભાગ મચી ગયા હતા. આગમાં ફસાયેલા બાળકોને જોઈ તેમના વાલીઓના શ્વાસ તો અધ્ધર થઈ ગયા હતા અને જીવ બચાવવા મરણિયા બની બધા હાંફળાફાંફળા દોડતા અને રોકકળ કરતાં બચાવો બચાવોની બૂમો પાડતા નજરે પડયા હતા. આગની ઘટનાની જાણ થતાં ફાયરબ્રિગેડના જવાનોએ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી અને ભારે જહેમત અને અસરકારક કામગીરી કરી આગની જવાળાઓ વચ્ચે ફસાયેલા બાળકો અને તેમના વાલીઓને બચાવી લીધા હતા અને સહીસલામત સ્થળે ખસેડયા હતા. જો કે, આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. આ અંગે એડિશનલ ચીફ ફાયર ઓફિસર રાજેશ ભટ્ટે જણાવ્યું હતું કે, શહેરના પરિમલ ગાર્ડન નજીક આવેલી એપલ મલ્ટી સ્પેશિયાલિટી બાળકોની હોસ્પિટલના ચોથા માળે હોસ્પિટલની કેન્ટીનમાં ગેસ લીકેજના કારણે એકાએક ભીષણ આગ ફાટી નીકળી હતી. ઘટનાની જાણ થતાં પાંચથી વધુ ફાયર ફાઈટરો સાથે ફાયરબ્રિગેડનો કાફલો તાત્કાલિક ત્યાં પહોંચી ગયા અને તાત્કાલિક આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. હોસ્પિટલની કેન્ટીનમાં ગૈસનો બાટલો લીક થતા આગ લાગી હોવાની વાત સામે આવી છે.

આગ લાગી તે સમયે હોસ્પિટલમાં ૧૫ બાળકો સારવાર હેઠળ હતા. તમામ બાળકો, તેમના વાલીઓ અને સ્ટાફ કર્મચારીઓને સહીસલામત બહાર કાઢી લેવાયા હતા. જયારે બાળકોને સારવાર માટે હોસ્પિટલની અન્ય બ્રાન્ચમાં ખસેડવામાં આવ્યા હતા. ફાયરબ્રિગેડના જવાનોએ ભારે જહેમત કરી ગણતરીના કલાકોમાં સમગ્ર આગ કાબૂમાં લઈ લીધી હતી. ફાયરબ્રિગેડની તપાસમાં હોસ્પિટલમાં ફાયરસેફ્ટીના પૂરતી સુવિધા નહી હોવાનું સામે આવ્યું હતું. બીજીબાજુ, હોસ્પિટલમાં ગેરકાયદેસર રીતે આ કેન્ટીન ચાલતી હોવાનો કોમ્પલેક્સના ચેરમેન દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો. પરિમલ ગાર્ડન પાસેની એપલ ચિલ્ડ્રન હોસ્પિટલમાં ભીષણ આગ ફાટી નિકળ્યા બાદ આસપાસના વિસ્તારોમાં ઉત્તેજના ફેલાઈ ગઈ હતી.




ફાયરબ્રિગેડે પણ ઉલ્લેખનીય કામગીરી અદા કરીને તમામ દર્દીઓને સફળતા પૂર્વક બહાર કાઢી લીધા હતા. અન્યત્ર હોસ્પિટલમાં પણ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.




અમદાવાદ જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંઘ દ્વારા વય મર્યાદાને કારણે નિવૃત્ત થતા કર્મચારીનો સન્માન કાર્યક્રમ તથા સામાન્ય સભા શિવ વિદ્યાલય રેવામણી હોલ ઘાટલોડિયામાં યોજાઈ ગયો. જેમાં નિવૃત્ત થતા કર્મચારી કિર્તીદેવ બી. દવેને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

# અમદાવાદમાં તાપમાન વધતા યલો એલર્ટ જાહેર કરાયું

અમદાવાદ શહેરમાં વધતા તાપમાન વચ્ચે યલો એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. જેથી તંત્ર ફરી એકવાર સક્રિય થઈ ગયું છે. મહત્તમ તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧.૮ સુધી પહોંચ્યું હતું જ્યારે રાજ્યના કેટલાક ભાગોમાં પારો ૪૨થી ઉપર પહોંચી ગયો તો જેમાં પાટનગર ગાંધીનગરમાં પારો ૪૨, સુરેન્દ્રનગરમાં ૪૨, રાજકોટમાં ૪૨.૩ સુધી પારો પહોંચ્યો હતો. હવામાન વિભાગના કહેવા મુજબ અમદાવાદ માટેની આગાહીમાં પારો ૪૧ દર્શાવવામાં આવ્યો છે. હિટવેવની કોઇ ચેતવણી જારી કરાઈ નથી પરંતુ ઉત્તર ગુજરાત અને ખાસ કરીને બનાસકાંઠા, સૌરાષ્ટ્ર-કચ્છના રાજકોટ અને કચ્છમાં પવન ફુંકાવવાની શક્યતા દેખાઈ રહી છે. ૩૦-૪૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફુંકાઈ શકે છે. ગાજવીજ સાથે વરસાદી ઝાપટા ઉત્તર ગુજરાતમાં થઈ શકે છે. હવામાનમાં પલટો આવવાની શક્યતા રહેલી છે.

# પત્રકારો પર થયેલા હુમલાના વિરોધમાં રાજયમાં પ્રત્યાઘાતો

### સૌરાષ્ટ્ર સહિત રાજયભરમાં પત્રકારોના ધરણાં, કલેકટર સહિતના સત્તાધીશોને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું

અમદાવાદ,તા.૧૩

જૂનાગઢના રાધારમણ દેવ ટેમ્પલ બોર્ડની ચૂંટણીનું કવરેજ કરવા ગયેલા પત્રકારો, ઈલેક્ટ્રોનિક મીડિયાના કેમેરામેન સહિતના મીડિયાકર્મીઓ પર પોલીસ દ્વારા લાઠીચાર્જ અને હુમલાની ઘટનાને લઈ સમગ્ર મામલો હવે બહુ ગરમાયો છે અને રાજયભરમાં તેના ઘેરા પ્રત્યાઘાતો સામે આવી રહ્યા છે.

આજે સૌરાષ્ટ્ર સહિત રાજયના વિવિધ જિલ્લાઓમાં પત્રકારો દ્વારા પોલીસના અમાનવીય હુમલા અને શરમજનક કૃત્યના વિરોધમાં ન્યાયની માંગણી સાથે પત્રકારો દ્વારા ધરણાં અને ગાંધીચિંધ્યા માર્ગે શાંતિપૂર્ણ દેખાવો યોજવામાં આવ્યા હતા. બીજીબાજુ, રાજયના ગૃહપ્રધાન દ્વારા આ મામલે ડીજીપીને તપાસના આદેશો જારી કરાયા હતા પરંતુ પત્રકારો પર હુમલાની ઘટનાને ૨૪ કલાકથી વધુનો સમય વીતી જવા છતાં સરકાર દ્વારા હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી નહી થતાં સમગ્ર રાજયના પત્રકાર આલમ અને સ્થાનિક જનતામાં ઉગ્ર આક્રોશની લાગણી ભભૂકી ઉઠી છે. આજે સૌરાષ્ટ્ર સહિત રાજયના જુદા જુદા સ્થળોએ પત્રકારો દ્વારા ખૂબ મોટી સંખ્યામાં એકત્ર થઈ પોલીસના હુમલાના વિરોધમાં શાંતિપૂર્ણ ધરણાં-દેખાવો યોજી જિલ્લા પોલીસ અધિક્ષક, જિલ્લા કલેકટર, મામલતદાર સહિતના સ્થાનિક સત્તાવાળાઓને આવેદનપત્ર સુપ્રત કરી કસૂરવાર પોલીસ કર્મચારીઓ સામે તાત્કાલિક પગલાં લેવા ઉગ્ર માંગણી કરી હતી. તો, બીજીબાજુ, જૂનાગઢમાં પત્રકારો પર થયેલા અત્યાચાર અને રાજયભરમાં દલિતો પર થઈ રહેલા અત્યાચાર મામલે આજે ભીમસેના રસ્તા પર ઉતરી આવી હતી અને વિરોધ કર્યો હતો. ભીમસેનાના કાર્યકર્તાઓએ રાજકોટમાં સિવિલ હોસ્પિટલ ચોકમાં રસ્તા પર સૂઈ જઈ ચક્કાજામ કર્યો હતો.

જેને લઈને રસ્તા પર ટ્રાફિકજામ સર્જાયો હતો. જેથી પોલીસે કાર્યકરોની અટકાયત કરી હતી. ભીમસેનાના કાર્યકરોએ દલિતો પર અત્યાચાર બંધ કરો અને પત્રકાર પર અત્યાચાર બંધ કરોના જોરદાર નારા લગાવ્યા હતા. તો, સ્થાનિક નાગરિકો પણ પત્રકારો પર પોલીસ દ્વારા હુમલાના વિરોધમાં સામેલ થયા હતા અને પોલીસ પર ફિટકાર વરસાવ્યો હતો. ૧૫૦ ફૂટ રિંગરોડ પર શહેરના નાગરિકોએ કાળી પટ્ટી અને કાળા વાવટા ફરકાવી પોલીસની ગુંડાગીરીનો ઉગ્ર વિરોધ કર્યો હતો. મીડિયાકર્મી પર થયેલા હુમલા અંગે શિવસેના અને સત્યમેવ જયતે ગ્રુપે કલેક્ટરને આવેદન આપી ન્યાયની માંગ કરી હતી.

આ સાથે જ રાજકોટ-સૌરાષ્ટ્રના મીડિયાકર્મીઓએ પણ જૂનાગઢમાં પત્રકારો પર હુમલા મામલે ત્વરિત કાર્યવાહી કરવા કલેક્ટરને આવેદન પાઠવ્યું હતું અને જવાબદાર પોલીસકર્મીઓને પહેલા બદલી કરી પછી તપાસ કરાવવામાં આવે તેવી માંગ કરી હતી. દરમ્યાન રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અશોકભાઈ ડાંગર અને કોંગ્રેસ આગેવાનોએ આ સમગ્ર મામલે રાજયના ગૃહ સચિવને પત્ર પાઠવી લેખિતમાં ફરિયાદ કરી છે.

ફરિયાદમાં કોંગ્રેસે જણાવ્યું છે કે, રવિવારે પત્રકારો પર થયેલા હુમલા મામલે સરકાર તટસ્થ તપાસ કરાવે અને કસૂરવાર પોલીસના જવાનો વિરૂદ્ધ તાત્કાલિક કડક કાર્યવાહી કરવામાં આવે. જો યોગ્ય નિર્ણય નહી આવે તો આગામી દિવસોમાં કોંગ્રેસ દ્વારા જલદ આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

# નર્મદા જિલ્લામાં પાણી પ્રશ્ને મહેશ વસાવાની કાર્યકરો સાથે કૂચ

### જીતનગર ચોકડી નજીક ધારાસભ્ય મહેશ વસાવા સહિત ૪૦૦ કાર્યકરોની અટકાયત કરાતા મામલો વધુ ગરમાયો

અમદાવાદ, તા.૧૩

નર્મદા જિલ્લામાં પાણીના પ્રશ્ને ડેડીયાપાડા ધારાસભ્ય મહેશ વસાવાએ આજે નર્મદાની મુખ્ય કેનાલ બંધ કરાવવાના પ્રયાસના ભાગરૂપે પોતાના સંકેડો કાર્યકરો, સમર્થકો અને સ્થાનિક જનતા સાથે કૂચ કરી હતી. જો કે, પોલીસે મહેશ વસાવા સહિત ૪૦૦ કાર્યકરોની અટકાયત કરતા ધારાસભ્યના ટેકેદારો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. પોલીસે નર્મદાની મુખ્ય કેનાલ બંધ કરાવવાનો બીટીપીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. અગાઉ ડેડીયાપાડા ધારાસભ્ય મહેશ વસાવા નર્મદા જિલ્લાને પાણી નહીં મળે તો નર્મદા યોજનાની મુખ્ય કેનાલ બંધ કરવાની ચીમકી આપી હતી અને દરવાજા બંધ કરીને કચ્છ અને સૌરાષ્ટ્રમાં જતું પાણી અટકાવવાની ચીમકી આપી હતી. આ આંદોલનને પગલે આજે નર્મદા પોલીસ દ્વારા નર્મદાની મુખ્ય કેનાલ પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો અને કેવડિયા જતા તમામ માર્ગો પર પોલીસ અને એસઆરપી સહિત ૪૦૦ પોલીસ જવાનો ખડકી દેવામાં આવ્યા હતા. આંદોલનને નિષ્ફળ બનાવવા માટે વડોદરા રેન્જના તમામ જિલ્લાની પોલીસ બોલાવાઈ હતી. જેમાં ૨ એસપી,૪ ડીવાયએસપી, ૮ પીઆઈ ખડેપગે રહ્યા હતા અને સમગ્ર વિસ્તારમાં સઘન ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. રાજપીપળા નજીક જીતનગર ચોકડી પાસે ડેડીયાપાડા ધારાસભ્ય મહેશ વસાવા પોતાના ટેકેદારો સાથે મોટી સંખ્યામાં પહોંચ્યા હતા અને કેવડિયા તરફ આગેકૂચ કરી હતી પરંતુ કેવડિયા પહોંચે તે પહેલાં જ તમામની અટકાયત કરવામાં આવી હતી. પોલીસે ધારાસભ્ય મહેશ વસાવાની અટકાયત કરતા જ ટેકેદારો અને પોલીસ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. અટકાયતના વિરોધમાં ધારાસભ્ય અને ટેકેદારો રસ્તા પર બેસી ગયા હતા અને મોદી અને રૂપાણીની હાય હાય બોલાવી હતી. ઘણી સમજાવટ બાદ ૪૦૦ જેટલા કાર્યકરોને જીતનગર હેડ ક્વાર્ટર ખાતે લઈ જવામાં આવ્યા હતા.

# અમરેલી, વડોદરા, ગાંધીનગર વિસ્તારમાં ખેડૂતોની જનતારેડ

### ૫૦ કિલોની બોરીમાં ૧૨૦ ગ્રામ વધુ ખાતર રહેશે : ખેડૂતોમાં ઉગ્ર આક્રોશ અકબંધ : હર્ષદ રીબડીયા બે વર્ષ જૂની ઓછા જથ્થાવાળી એક ખાતરની થેલી લઇને પહોંચ્યા

અમદાવાદ,તા. ૧૩

છેલ્લા ચાર-પાંચ દિવસથી સમગ્ર સૌરાષ્ટ્ર સહિતના રાજયના જુદા જુદા વિસ્તારોમાં ખાતર કૌભાંડનો વિવાદ જોરદાર રીતે ગરમાયો છે. આજે પણ અમરેલી, બનાસકાંઠા, વડોદરા, ગાંધીનગર સહિતના રાજયના જુદા જુદા સ્થળોએ આજે પણ કોંગ્રેસના ધારાસભ્યો અને આગેવાનો દ્વારા ખેડૂતોને સાથે રાખી વિવિધ યાર્ડ અને ગોડાઉનમાં જનતા રેડ કરી ખાતરની તપાસણી કરતાં ખાતરના જથ્થામાં ઘટ હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી હતી ત્યારે ખાતર કૌભાંડને લઈ સમગ્ર મામલો ગરમાયો છે. બીજીબાજુ, આજે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પણ ખાતર કૌભાંડની સમીક્ષા અને જરૂરી સૂચના માટે તંત્રના અધિકારીઓ સાથે મહત્વની બેઠક યોજી હતી. તો, બીજીબાજુ, જીએસએફસી તંત્ર દ્વારા પણ આજે ખેડૂતોને હૈયાધારણ આપી હતી કે, ખેડૂતોને ઓછા વજનવાળી ખાતરની બોરીઓ બદલી આપવામાં આવશે અને જે કિસ્સામાં ઓછુ ખાતર ખેડૂતોને મળ્યું હશે તેઓને પૂરો જથ્થો વિતરણ કરી દેવાશે. દરમ્યાન આજે કોંગ્રેસના વિસાવદરના ધારાસભ્ય હર્ષદ રીબડીયા બે વર્ષ જૂની ખાતરની થેલીમાં ઓછો જથ્થો હતો, તે સીલ પેક થેલી લઈને ગાંધીનગર વિધાનસભા ખાતે પહોંચ્યા હતા. તેમણે રાજયમાં વર્ષોથી ખાતર કૌભાંડ ચાલતુ હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો અને સરકારી તંત્રને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. રાજયના અન્ય સ્થળોએ પણ આવી જનતા રેડ અને બોરીઓમાં ખાતરનો જથ્થો ઓછો હોવાની વાત સામે આવતાં ખેડૂતોમાં ઉગ્ર આક્રોશ ફાટી નીકળ્યો હતો. આજે રાજયના અમરેલી, બનાસકાંઠા, વડોદરા, ગાંધીનગર સહિતના જુદા જુદા સ્થળોએ જનતા રેડ દરમ્યાન ખાતરની થેલીઓમાંથી સરેરાશ ૧૦૦થી ૬૦૦ ગ્રામ સુધીનું ખાતર ઓછુ હોવાનું સામે આવ્યું હતું. કેટલીક જગ્યાએ ખેડૂતોની જનતા રેડ જોઈને સંચાલકોએ ડેપો બંધ કરી દીધો હતો. જેથી ખેડૂતોએ પુરતુ ખાતર આપવાની માંગ કરી છે. બીજી તરફ સાવરકુંડલામાં પણ ધારાસભ્ય પ્રતાપ દુધાતે સુવિધા કેન્દ્રમાં રેડ પાડી હતી. જે દરમિયાન સુવિધા કેન્દ્ર બંધ જોવા મળતાં રોષે ભરાયા હતા અને સંચાલકોને બોલાવીને ઉઘડા લીધો હતો. નોંધનીય છે કે અહીંયા વજનકાંટા વગર જ ખેડૂતોને ખાતર આપવામાં આવતું હતું. સરદાર ખાતરની ૫૦ કિલો ગુણીમાં ૧ કિલો ૪૦૦ ગ્રામ ખાતર ઓછું હોવાનું સામે આવ્યું હતું. જેને લઈને ખેડૂતોમાં રોષ ફાટી નીકળ્યો હતો. રાજકોટના જેતપુર સહિત રાજયના જુદા જુદા સ્થળોએ ખાતર કૌભાંડની વિગતોના પર્દાફાશ અને મચેલા ખળભળાટ વચ્ચે અત્યારસુધીમાં અમરેલીના બાબરા, જેતપુર, રાજકોટ, સાણંદ, સાબરકાંઠા, જામનગર સહિતના રાજયના જુદા જુદા સ્થળોએ જનતા રેડ અને દરોડા પાડયા હતા અને હવે આજે અમરેલી, બનાસકાંઠા, વડોદરા, ગાંધીનગર સહિતના વધુ સ્થળોએ ખેડૂતોએ જનતા રેડ કરી માર્કેટ યાર્ડ અને ગોડાઉનમાં રખાયેલા ખાતરના જથ્થાને તપાસ્યો હતો, જેમાં પણ ખાતરનું વજન નિયત કરતાં ઓછુ નીકળતાં હવે સમગ્ર મામલામાં રાજયવ્યાપી કૌભાંડનો સમગ્ર મામલો ગરમાયો છે. બીજીબાજુ, હવે કોંગ્રેસના ધારાસભ્ય હર્ષદ રિબડીયા સહિત કોંગી આગેવાનો આજે એપ્રિલ-૨૦૧૭ની ખાતરની એક થેલી લઈ ગાંધીનગર સચિવાલય પહોંચ્યા હતા, જેમાં પણ ખાતરનો જથ્થો ઓછુ હોવાનું નીકળતાં રીબડીયાએ આક્ષેપ કર્યો હતો કે, રાજયમાં ખાતર કૌભાંડ કેટલા વર્ષોથી ચાલે છે તેની સરકારે તપાસ કરાવવી જોઈએ અને કૌભાંડમાં સંડોવાયેલા લોકો સામે કાયદાનુસાર કાર્યવાહી કરવી જોઈએ. બીજીબાજુ, વિવાદ વકરતાં આજે જીસએફસી સત્તાવાળાઓએ ખેડૂતોને ઓછા વજનવાળી ખાતરની બોરીઓ બદલી આપવાની ખાતરી આપી હતી. તો બીજબાજુ, સરકારે પણ હવે ખાતરની બોરીઓમાં ૫૦ કિલો અને ૧૨૦ ગ્રામ એટલે કે, ૧૨૦ ગ્રામ ખાતર વધુ આપવાની જાહેરાત કરી હતી કે જેથી ખેડૂતોને ખાતરમાં કોઈ ઘટ ના પડે કે નુકસાન ના થાય.